# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત પ્રાકૃતિક ખેતીની ખેડૂત શિબિર તેમજ ફિલ્ડ વિઝીટ યોજાઈ

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ગામ-સાગટાળા, તાલુકો-દે'બારીયા, જિલ્લા:- દાહોદ ખાતે તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી પ્રોજેકટ અંતર્ગત પ્રાકૃતિક ખેતીની_ખેડૂત શિબિર તેમજ ફિલ્ડ વિઝીટ યોજવામાં આવી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ તેનો બહોળો પ્રચાર થાય એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે સદર ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૦ થી ૫૫ જેટલા ખેડૂત-ભાઇઓ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ ખેડૂત શિબિરમાં અત્રેના કેન્દ્રના ડો.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ્રિડર) એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી હતી તેમજ ખેડૂતોને પોતાનું/દેશી જાતનું બિયારણ વાપરવાના બદલે યુનિવર્સિટીની સંકર જાતોનું બિયારણ વાપરવા અંગે ભાર મુકેલ હતો.

શ્રી.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈમાં મકાઇ પાકની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અને તેના ફાયદા વિષે વિગતવાર માહિતી આપેલ હતી. શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઇ પાકમાં મકાઇ પાકમાં જૈવિક ખાતરનો ઉપયોગ અને તેનો વપરાશ તેમજ મકાઇ પાકમાં આવતી જીવાતોનું જૈવિક પદ્ધતિ દ્વારા નિયંત્રણ વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. કાર્યક્રમની અંતે ખેડૂતભાઈઓ-બહેનોના ખેતીને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું તેમજ ફિલ્ડની વિઝીટ કરવામાં આવેલ હતી.








ખેડૂત શિબિર અને ફિલ્ડ વિઝીટ ગામ-સાગટાળા, તાલુકો-દે'બારીયા, જિલ્લો:- દાહોદ